ગાંધીનગર મને ગમે છે...

કુદરતી સૌંદર્ય આ શહેરમાં પથરાયેલું છે...

આ એક એવું ધબકતું નગર છે કે જ્યાં કુદરત સાથે રહેવાનો મોકો મળ્યો છે. સ્કૂલના દિવસોમાં હું ગામડેથી આ શહેરમાં આવ્યો હતો. તે સમયે નવા સેક્ટરોની રચના થઇ ન હતી. મ્યુનિસિપલ કોર્પોરેશન અને ગુડાનું અસ્તિત્વ ન હતું. સરકારી વહીવટમાં ગાંધીનગરની ગ્રીનરી જોવા મળતી હતી. આજે તેની જગ્યાએ સિમેન્ટ-કોંક્રિટના જંગલો સ્થપાઇ રહ્યાં છે.

ચંદીગઢ અને ગાંધીનગરની તુલના કરીએ તો આજના ડેલવપમેન્ટ પછી ચંદીગઢ વધારે મોહી લે તેવું છે. કેમ કે ત્યાં ખુબ જ કડક કાયદા છે અને સખ્તાઇથી તેનું પાલન છે જે અહીંયા નથી. તે સમયના સ્થપતિએ ગાંધીનગરને આયોજનબદ્ધ નગર તરીકે પ્રસ્થાપિત કર્યું હતું પરંતુ લોકલ બોડી આવ્યા પછી રાજકીય ખટપટોમાં શહેરની સંવેદનશીલતા હણાઇ રહી છે.

ગાંધીનગરની ખૂબસુરતી ટકાવી રાખવા માટે લોકલ બોડીની આવશ્યકતા નથી તેવું વારંવાર કહીને તત્કાલિન મુખ્યમંત્રી નરેન્દ્ર મોદીએ શહેરીજનોને વિનંતી કરી હતી પરંતુ કેટલાક જક્કી વલણ ધરાવતા વડીલોના કારણે આજે ટેક્સના ભારણ વધી રહ્યાં છે અને પ્લાનિંગ અસ્તવ્યસ્ત થવા લાગ્યું છે.

આમ છતાં ગાર્ડન સિટી અને ગ્રીન સિટી તરીકે ગાંધીનગરમાં રહેવું ગમે છે. ગાંધીનગરની જેમ ગિફ્ટ સિટી પણ પ્લાનબદ્ધ શહેર તરીકે ઉભરી રહ્યું છે. આપણા સ્થાનિક શાસકોને એટલી જ વિનંતી છે કે તેઓ ગિફ્ટ સિટીની જેમ ગાંધીનગરનું સૌંદર્ય ટકાવી રાખવાના પગલાં ભરે. જંગલની જમીનના દબાણોમાં કટકી કરવાના સ્થાને વન અધિકારીઓએ દબાણો હટાવવા જોઇએ.

ટ્રાફિક નિયમન અને પાર્કિંગની વ્યવસ્થા માટે ગંભીર પગલાં લેવામાં આવે તો ગાંધીનગરની તોલે બીજું કોઇ સિટી આવી શકે તેમ નથી. શહેરની હવામાં શુદ્ધતા છે તેને પણ ટકાવી રાખવાની જરૂર છે. વહેલી પરોઢે સરિતા ઉદ્યાન, પુનિત વન અને અરણ્યપાર્કમાં આંટો મારી આવીએ તો એવું લાગે કે મારૂં ગાંધીનગર કુદરતી સૌંદર્યથી ભરપૂર છે...

● ગૌતમ પુરોહિત

શહેરમાં દિવ્યાંગોનો સમૂહ લગ્નોત્સવ યોજાયો

લાયન્સ ક્લબ ઓફ ગાંધીનગર ફેમિના અને એસોસીએશન ફોર સોશીયલ વેલ્ફેર એન્ડ ડેવલપમેન્ટ દ્વારા દિવ્યાંગ સમૂહ લગ્નોત્સવનું ભવ્ય આયોજન કરાયું : સે. ૨૨ના રંગમંચ પર ૧૦ નવ યુગલોએ પ્રભુતામાં પગલા પાડ્યા

ગાંધીનગર, તા. ૫

લાયન્સ ક્લબ ઓફ ગાંધીનગર ફેમિના અને એસોસિએશન ફોર સોશિયલ વેલ્ફેર એન્ડ ડેવલોપમેન્ટના સંયુક્ત ઉપક્રમે સેક્ટર-૨૨ રંગમંચ ખાતે દિવ્યાંગ સમૂહ લગ્નોત્સવનું આયોજન કરવામાં આવ્યું હતું. જેમાં ૧૦ દિવ્યાંગ નવયુગલોએ પ્રભુતામાં પગલા પાડ્યા. આ ઉમદા આયોજન અન્વયે સંસ્થા દ્વારા સમાજ સેવાને અનુલક્ષી વધુ એક સેવા કાર્યનું આયોજન કરવામાં આવ્યું હતું. જેમાં સવારે ૮ થી ૧ કલાક સુધી રક્તદાન શિબિરનું આયોજન કરવામાં આવ્યું હતું.

જીવનના કોઈપણ સ્તરે પોતાને કોઈપણ રીતે વંચિત હોવાનો અહેસાસ કરી રહેલા દિવ્યાંગો માટે આ સંસ્થા દ્વારા સમૂહ લગ્નોત્સવ યોજવામાં આવ્યો હતો. દિવ્યાંગો માટે સહાનુભૂતિ રાખીને સેવા કરતી સામાજિક સંસ્થા દ્વારા ખૂબ જ ઉત્કૃષ્ઠ કામગીરી કરવામાં આવી છે. જેમાં દિવ્યાંગ ભાઈઓ બહેનો જે કોઈપણ રીતે વંચિત હોવાનો અહેસાસ કરી રહ્યા હોય છે તેમની વ્યથાને સમજીને સંસ્થા દ્વારા લગ્ન માટે ઈચ્છુક હોય તેવા દિવ્યાંગ ભાઈઓ-બહેનોને રજિસ્ટ્રેશન કરાવવાનું હોય છે. સમાજમાં રહેતા દિવ્યાંગોને બિચારાપણુનો અનુભવ ન થાય તે માટે દિલાસો આપવામાં આવ્યો હતો. આ દિવ્યાંગ યુગલોમાં જુદી જુદી જગ્યાએથી આવ્યા હતા. જેમાં ભાવનગર, અમદાવાદ, ડાંગ જિલ્લામાંથી આ યુગલો આવ્યા હતા. સંસ્થા દ્વારા આ ૧૦ જોડાની લગ્નવિધિ પ્રસંગની તૈયારીમાં મહેંદી રસમ, હલદી, મેકઅપ, શેરવાની, દુલ્હનની લગ્નની સાડી, શહેનાઈ, ઢોલ, મંડપ, જમણવાર વિગેરેની સંપૂર્ણ તૈયારી કરી હતી. તથા કરિયાવરમાં પણ ઘરવખરીનો સામાન ફર્નીચર, જેમાં ૩૫ થી ૫૦ વસ્તુઓ કરિયાવરમાં આપવામાં આવી હતી. ડબલબેડ, કબાટ, બે ખુરશી, ગાદલા, ઓશિકા, દુલ્હનને બંગડીઓ, સેટ, કટલરીનો સામાન વિગેરે કુલ ૩૫ થી ૫૦ વસ્તુઓનો સમાવેશ થાય છે. આ દિવ્યાંગ યુગલોને રહેવા માટે ઘરમાં સગવડ પૂરતો જોયતો સામાન્ય હોવો જોઈએ તેટલો સામાન સંસ્થા દ્વારા આપવામાં આવ્યો છે. તેમને કોઈપણ પ્રકારની ખોટ ન થાય તે મુજબ કરિયાવરની વ્યવસ્થા કરી આપી છે.

લાયન્સ ક્લબ ઓફ ગાંધીનગર ફેમિના અને એસોસીએશન ફોર સોશીયલ વેલ્ફેર એન્ડ ડેવલપમેન્ટ સંસ્થાની બહેનો દ્વારા જાણે પોતાના ઘરનો લગ્ન પ્રસંગ હોય તેમ ધામધૂમથી ઉત્સાહપૂર્વક ભાગ લીધો હતો. જેમાં દુલ્હનને તૈયાર કરવા માટે પાર્લરની બહેનો બોલાવી મહેંદીનો પ્રોગ્રામ કર્યો હતો. દરેક બહેનોએ મહેંદી મુકાવી હતી. લગ્ન પ્રસંગોમાં જેમ લગ્ન ગીતો ગવાતા હોય છે તેમ સંસ્થાની બહેનોએ જ લગ્ન ગીતો ગાઈને માહોલમાં જમાવટ કરી દીધી હતી. જેમાં ગાંધીનગરની સેક્ટર-૧૬ની અંધશાળાની બે વિદ્યાર્થીઓને આ લગ્નગીતોમાં માસ્ટરી હોવાથી તેમને આમંત્રિત કર્યા હતા. તેમની સાથે સાથે આરતીબેન ભટ્ટ, કુસુમબેન જોષી, નીલીમાબેન શાહ, માયાબેન અગ્રવાલ, ધારિણીબેન દેસાઈએ પણ ઉત્સાહપૂર્વક લગ્નગીતો ગાયા હતા. આ દિવ્યાંગ સમૂહ લગ્નોત્સવમાં મોટાપાયે આર્થિક સહયોગ કરવામાં આવ્યો હતો. કરિયાવરમાં આપવામાં આવેલા ફર્નિચરના દાતા હરિસિંઘ સુચરિયા (સેન્ડી ઈલેક્ટ્રોનિક્સ, રાજકોટ) અને મમતાબેન બુચ તથા ક્રિષ્ણચંદ ડાહ્યાલાલ એન્જિનિયરે સહયોગ કર્યો હતો.

આ માંગલિક પ્રસંગમાં ગણેશ સ્થાપન, ગ્રહશાંતિ, હસ્તમેળાપ, ભોજન સમારંભ અને કન્યા વિદાયનું સંપૂર્ણ આયોજન ખૂબ જ સુંદર રીતે કરવામાં આવ્યું હતું. ગ્રહશાંતિ પ્રેસિડેન્ટે કરી હતી અને માંડવા મુહૂર્ત પણ કર્યુ હતુ. દરેક દિવ્યાંગ યુગલના ચહેરા પર ખુશીના દેશ્યો જોવા મળ્યા હતા. ગાંધીનગરમાં આ પાવન અવસરે ગાંધીનગરના મેયર હિતેષભાઈ મકવાણા, લાયન્સ ડિસ્ટ્રીક્ટ ગવર્નર જગદીશચંદ્ર રાવલ, ગાંધીનગર સમાચારના તંત્રી કૃષ્ણકાન્ત જહા, ખાલસા લીટલ ફ્લાવર સ્કૂલના પ્રિન્સિપાલ સુરજીત કૌર ડાંગની વિશેષ ઉપસ્થિત રહી હતી. આ સાથે ગાંધીનગરના સામાજીક સંસ્થાઓના પ્રમુખો તથા નગરસેવકોની ઉપસ્થિતિ રહી હતી. જેમાં મેયર હિતેષભાઈએ જણાવ્યું હતું કે સમૂહલગ્ન ખૂબ સારી બાબત છે. સમૂહલગ્નના કારણે અન્ય બગાડ અને વ્યય થતો અટકી શકે છે. આયોજનમાં પણ સરળતા રહે છે. ગાંધીનગર સમાચારના તંત્રી કૃષ્ણકાન્ત જહાએ જણાવ્યુ હતુ કે દિવ્યાંગ વ્યક્તિને કોઈ બિચારાપણું વ્યક્ત ન થાય તેવુ વર્તન ન કરશો. અપંગ વ્યક્તિ નિરાશ થઈ જાય હતાશ થઈ જાય તેવા શબ્દો ન બોલશો. દિવ્યાંગ વ્યક્તિને બિચારો, બાપડો ન બોલશો. હંમેશા તેમના માટે સારૂ વર્તન રાખવું જોઈએ. જગદીશચંદ્ર અગ્રવાલે જણાવ્યુ હતુ કે આ સંસ્થાની બહેનો દ્વારા ખૂબ જ અગત્યની સમાજસેવા કરવામાં આવી રહી છે અને તેમને બિરદાવ્યા હતા. આ સમગ્ર કાર્યક્રમનું સંચાલન મમતાબેન રાવલ દ્વારા કરવામાં આવ્યુ હતુ. બન્ને સંસ્થાના પ્રમુખો સર્વશ્રી પરમજીત કૌર અને વૈશાલીબેન જોષીએ મહેમાનોનું સ્વાગત કરી પ્રસંગની વિગતો આપી હતી. બન્ને સંસ્થાઓના સભ્યોના ઉમળકાથી પ્રસંગની ભવ્યતા અને દિવ્યતા અનુભવાતી હતી.

કડી વિશ્વ વિદ્યાલયની બીબીએ કૉલેજનો યુથ પાર્લામેન્ટમાં ઉત્કૃષ્ઠ દેખાવ...

સાયન્સ ફોર સોસાયટી મુદ્દાને અનુલક્ષીને સાયન્સ દિવસે વિદ્યાર્થીઓ દ્વારા ફળદ્રુપ ચર્ચા : પ્રશ્નકાળમાં વિદ્યાર્થીઓએ સુંદર પ્રશ્નોત્તરી કરી : રાષ્ટ્રના વિકાસમાં સાયન્સ તેમજ સાયન્સસિટીનું યોગદાન પ્રસ્તાવ પસાર

ગાંધીનગર, તા. ૫

કડી સર્વ વિશ્વ વિદ્યાલય સંલગ્ન ગાંધીનગર ની બી.પી.કોલેજ ઓફ બીઝનેસ એડમીનીસ્ટ્રેશન (બીબીએ) કોલેજ દ્વારા વિદ્યાર્થીઓ ને લોકશાહી પરંપરા તેમજ વૈધાનિક બાબતો ને શીખવવા નો અનોખો પ્રયોગ. કોલેજ વિદ્યાર્થીઓ માટે અવનવા તેમના અભ્યાસની સાથેસાથે પ્રાયોગિક કાર્યક્રમ થી અભ્યાસક્રમ ને રસપ્રદ બનાવવા નો હંમેશા પ્રયત્ન કરે છે. જેના ભાગરૂપે આજે કોલેજ ના કુલ ૬૬ વિદ્યાર્થીઓ એ ડો. સી.વી.રમણ ની જન્મજયંતી નિમિત્તે આયોજિત સાયન્સ યૂથ પાર્લામેન્ટ માં ભાગ લીધો હતો.તમામ વિદ્યાર્થીઓએ આ પાર્લામેન્ટ માં ફક્ત ભાગ નહોતો લીધો પણ તેને જીવંત બનાવી દીધી હતી. બીબીએ કોલેજ ના આચાર્ય ડો.રમાકાંત પૃષ્ટિ દ્વારા વિદ્યાર્થીઓ ને કાર્યક્રમ માટે શુભેચ્છા પાઠવી હતી. તેમજ ડો. જયેશ તન્ના દ્વારા સમગ્ર આયોજન બાબતે માર્ગદર્શિત કર્યા હતા.વિદ્યાર્થીઓને ધર્મેન્દ્રસિંહ રાઠોડ દ્વારા તાલીમ આપવામાં આવી હતી. વિદ્યાર્થીઓને યૂથ પાર્લામેન્ટ ના સમગ્ર સત્ર દરમ્યાન સાયન્સ સમાજ માટે કઈરીતે ઉપયોગી થાય તે બાબતો ને વધુ માં વધુ જાણવા માટે અનુરોધ કર્યો હતો. અને દરેક નાગરિક સાયન્સ સાથે જોડાય તેમજ તેના વિવિધ બેઝિકપ્રયોગો બાબતે જાગૃત થવા શીખ આપી હતી.અંધશ્રદ્ધા દૂર કરવામાં સાયન્સ કઈરીતે ઉપયોગી થાય.તેમજ આ બાબતે સાયન્સના પ્રયોગોનો ઉપયોગ કરી લોકોને ઠગતા લેભાગુ લોકોથી ચેતવા બાબતે રસપ્રદ ચર્ચા કરવામાં આવી હતી.તેમજ સાયન્સ સિટી નો હેતુ વ્યાવસાયિક હોવો જોઈએ કે નહીં.બેઝિકસાયન્સ કેરિયર માટે વિદ્યાર્થીઓને કઈરીતે ઉપયોગી થાય,ન્યુક્લિયર સાયન્સ,સ્પેસ સાયન્સ,સાયન્સસિટી માં કોમર્શિયલ મૂવી બતાવવા જોઈએ કે નહી, બિન પરંપરાગત ઉર્જાનો લોકકલ્યાણ માટે કઈરીતે ઉપયોગી થઈ શકે.અંતરિક્ષ પ્રદૂષણ બાબતે પણ યુવાસંસદ માં ખૂબ સુંદર ચર્ચાઓ અને રજૂઆત કરવામાં આવી હતી.,આપત્તિ વ્યવસ્થાપન માં સાયન્સની ભૂમિકા જેવી અનેક ચર્ચાઓ કરવામાં આવી હતી.ફક્ત અધિકારો ની વાતો કરવા થી પરિવર્તન ન આવી શકે પણ પોતાની ફરજો બાબતે સભાન થઇ સમાજ પ્રત્યે નું ઋણ અદા કરવા જણાવ્યું હતું. વિદ્યાર્થીઓએ તેમના અભિપ્રાય આપતા જણાવ્યું કે કોલેજ ના આચાર્ય દ્વારા વિદ્યાર્થીઓને ઉત્સાહિત કરવા માં આવ્યા હતા. દ્વિતીય વર્ષના વિદ્યાર્થી માહી પીપળીયા દ્વારા અધ્યક્ષ ની ભૂમિકા ભજવવા માં આવી હતી. પ્રધાનમંત્રી ની ભૂમિકા આદિત્યસિંહ જાડેજા અને ઉપપ્રધાનમંત્રી ની ભૂમિકા માં સાગર પ્રધનાની ,નેતાવિપક્ષ તરીકે ગ્રીષ્મા મેઅર જ્યારે હાતીમ રમકડાં ઉપાધ્યક્ષ તરીકે અને નીરજ ખુબચંદાણી દ્વારા વિપક્ષ ના ઉપનેતા ની ભૂમિકા ભજવી હતી.

સમગ્ર કાર્યક્રમનું આયોજન કોલેજ ના આચાર્ય ડો.રમાકાંત પૃષ્ટિના માર્ગદર્શન હેઠળ ઉપાચાર્ય ડો.જયેશ તન્ના ધર્મેન્દ્રસિંહ રાઠોડ, પ્રો.આશિષ ભુવા તેમજ સમગ્ર કોલેજ પરિવાર દ્વારા જહેમત ઉઠાવવા માં આવી હતી.

શહેરમાં ગંદકી કરતા શખ્સો સામે મહાનગરપાલિકાની લાલ આંખ

૧૫ ઇસમો પાસેથી ૨૩,૦૦૦ નો દંડ વસૂલ્યો

ગાંધીનગર, તા. ૫

તારીખ ૪ માર્ચના રોજ કુડાસણ પ્રમુખ આર્કેડ ૨ તથા કોમર્શિયલ વિસ્તારમાં ગંદકી કરતા, પ્રતિબંધિત પ્લાસ્ટિકનો ઉપયોગ કરતા ઈસમો તથા નોન સેગ્રિગેશન અને કચરાનો અયોગ્ય નિકાલ કરવા બદલ સેનિટેશન સ્ટાફ દ્વારા દંડની કાર્યવાહી હાથ ધરવામાં આવી હતી. જેમાં ૧૫ ઈસમો પાસેથી રૂપિયા ૨૫,૩૦૦નો વહીવટી ચાર્જ વસૂલવામાં આવ્યો હતો.

અગાઉ પણ આ વિસ્તારમાં આ પ્રકારની પ્રવૃત્તિ માટે સેનિટેશન સ્ટાફ દ્વારા નોટિસ આપવામાં આવી હતી, તેમ છતા આ ઈસમોએ ગંદકી અને પ્લાસ્ટિકનો ઉપયોગ ચાલું રાખ્યો હતો તથા કચરાનો અયોગ્ય નિકાલ કરવાનું શરૂ રાખ્યું હતું. જેથી મહાનગરપાલિકા દ્વારા ઉપર્યુક્ત કાર્યવાહી કરવાની ફરજ પડી હતી.

વાંરવાર ગંદકી કરતા ઈસમો સામે કડક પગલા લેવા માટે માન. મ્યુનિસિપલ કમિશનર ડૉ. ધવલ પટેલ સાહેબ દ્વારા સૂચના આપવામાં આવી હતી. જે અંતર્ગત સેનિટેશન વિભાગની ટીમે કાર્યવાહી હાથ ધરી હતી. જેમાં કચરાનો અયોગ્ય નિકાલ કરનારા ૮ ઈસમો પાસેથી ૨૩,૦૦૦ રૂપિયા દંડ સ્વરૂપે વસુલવામાં આવ્યા. જ્યારે ગંદકી કરતા ૪ ઈસમો પાસેથી ૮૦૦ રૂપિયાનો દંડ વસુલવામાં આવ્યો અને પ્રતિબંધિત પ્લાસ્ટિકના ઉપયોગ કરનારા ૩ ઈસમો પાસેથી ૧૫૦૦ રૂપિયા દંડ સ્વરૂપે વસૂલવામાં આવ્યા હતા.



પ્રતિબંધિત પ્લાસ્ટિકનો ઉપયોગ, ગંદકી કે કચરાનો અયોગ્ય નિકાલ કરનારા શખ્સો સામે આગળ પણ કડક શિક્ષાત્મક કાર્યવાહી કરવામાં આવશે. જેથી ગાંધીનગર શહેરની સ્વચ્છતા અને સૂંદરતામાં પ્રતિદિન વધતી રહે. આ માટે નાગરિકો અને વેપારીઓને પણ સહકાર આપવા અપીલ કરવામાં આવે છે.

લોન્ગ કોવિડની સાઈડ ઇફેક્ટસ....

વિકાસની વાતો કરતી સરકાર વિકાસના પંથે ડગલાં તો માંડે છે પરંતુ થોડા સમયમાં બધું વિસરાઈ જતું હોય છે. લોન્ગ કોવિડની માનવ પર ગંભીર અસરો જોવા મળી રહી છે, એ જ રીતે ઈલેક્ટ્રિક વાહનોના ઉપયોગ બાબતે ઈનીશીએટિવ લઈને ગુજરાત સરકારે સચિવાલયના પ્રાંગણમાં મુલાકાતીઓની સુવિધા માટે ઈલેક્ટ્રિક વાહનો મુકેલા મોટા હલ્લાગુલ્લા સાથે શરૂ થયેલા આ વાહનો કોવિડના સમય દરમિયાન સચિવાલયના પાર્કિંગમાં સડો ખાઈ ગયા છે. મૃત જાનવરના કંકાલ જેવા આ વાહનોની સ્થિતિ લોન્ગ કોવિડના પેશન્ટના સડો પેસી ગયેલા અસ્થિતંત્ર જેવા ભાસી રહયા છે . . . !

આંતરરાષ્ટ્રીય મહિલા દિવસની ઉજવણી ચિકિત્સા યોગ શિબિર દ્વારા કરાશે

ગાંધીનગર,તા. ૫

ભારતીય જનતા પાર્ટી ગાંધીનગર મહાનગર, પતંજલિ સમિતિ, માનસ યોગ સેવા ટ્રસ્ટ, નહેરુ યુવા કેન્દ્ર, યુવા દિશા કેન્દ્ર અને અન્ય સહયોગી સંસ્થાઓના ઉપક્રમે સ્વર્ણિમ પાર્ક, ઘ-૪ ગાર્ડન ખાતે તા. ૬, ૭, ૮ માર્ચ, ૨૦૨૨ના રોજ સાંજે ૪.૩૦ થી ૬.૩૦ મહિલાઓ માટે વિશેષ ચિકિત્સા યોગ શિબિરનું આયોજન કરવામાં આવ્યું છે.

ગાંધીનગર મહાનગરપાલિકાના મુખ્ય સહયોગ અને કલ્પેશભાઈ (સ્ટોર્મ ઓવરસીઝ એજ્યુકેશન) તરફથી ગાંધીનગરની મહિલાઓ માટે વિશેષ સુવિધાઓ પૂરી પાડવામાં આવશે. મહાનગર ભાજપના પ્રમુખ રુચિરભાઈ ભટ્ટ તથા યોગગુરુ કાનજીભાઈ બાવરી તથા ગાંધીનગર મ્યુનિસિપલના મેયર હિતેશભાઈ મકવાણાએ આ શિબિરનો લાભ લેવા અપીલ કરી છે.

યોગ થકી ભારતની વિશિષ્ટ ઓળખાણ સમગ્ર ભારતમાં ઊભી છેઅને ભારતના વડાપ્રધાન નરેન્દ્રભાઈ મોદી, ગુજરાતના મુખ્યમંત્રી ભૂપેન્દ્રભાઈ પટેલ યોગનું સમગ્ર વિશ્વમાં પહોંચાડી રહ્યા છે ત્યારે આંતરરાષ્ટ્રીય મહિલા દિનની ઉજવણી મહિલા યોગ શિબિર વિશેષ મહત્ત્વ ધરાવે છે. સમગ્ર શિબિરનું સંચાલન બાબા રામદેવના શિષ્ય અને જાણીતા યોગાચાર્ય ડૉ.કાનજીભાઈ બાવરી (નેચરોપેથી) કરવાના છે. આ કાર્યક્રમમાં ઈફકોનો ચેરમેન દિલીપભાઈ સંઘાણી, ગીતાબેન સંઘાણી, રુચિરભાઈ ભટ્ટ, મેયર હિતેશભાઈ મકવાણા, ડેપ્યુટી મેયર પ્રેમલસિંહ ગોલ, સ્ટેન્ડિંગ ચેરમેન જશુભાઈ પટેલ, ગુજરાત યુવક બોર્ડના પૂર્વ ઉપાધ્યક્ષ સંજીવ મહેતા, જાણીતા કાર્યકર તરુણભાઈ બારોટ, કેટિપલ કાંતિના તંત્રી પાર્થ ઠક્કર ઉપસ્થિત રહેશે.

આ કાર્યક્રમને સફળ બનાવવા પતંજલિ યોગ સમિતિ અને માનસ સેવા ટ્રસ્ટના તમામ કાર્યકરો ભારે જહેમત ઉઠાવી રહ્યા છે.